ગીફ્ટ સીટીના ૨૭માં માળેથી પટકાતા શ્રમિકનું મૃત્યુ

મજુરી કામ કરી રહેલા યુવાનનો પગ લપસતા ટોપ ફ્લોરથી ૧૫માં માળે ઉભેલી લીફ્ટના છાપરે જઈને પટકાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આકાર પામી રહેલા રાજય સરકારના ડ્રીમ પ્રોજેકટ ગીફ્ટ સીટીના ૨૭મા માળે ટોપ ફલોરથી આજે બપોરના સુમારે મજુરી કામ કરી રહેલા શ્રમિકનો પગ લપસી જતાં ૧૫માં માળે ઉભેલી લીફટના છાપરા પર જઈને પટકાયો હતો. આ દુર્ઘટનામાં મુળ ઓરીસ્સાના ૨૫ વર્ષીય શ્રમિકનું કમકમાટીભર્યું મોત નિપજયું છે. ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટના કેવી રીતે બની તેની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક સ્થિત ગીફ્ટ સીટીના તૈયાર થઈ રહેલા બિલ્ડીંગમાં આજે બપોરના સુમારે ટોપ ફલોર પર ૨૭માં માળે મુળ ઓરીસ્સાનો વતની ૨૫ વર્ષીય શ્રમિક યુવાન ખમુપ્રધાન ગેંડાપ્રધાન મજુરી કામ કરી રહ્યો હતો તે દરમિયાન અચાનક તેનો પગ લપસી જતા ટોપ ફલોરથી ૧૫માં માળે ઉભેલી લીફટના છાપરા ઉપર જઈને પટકાયો હતો. હાથ-પગના હાડકા તુટી જવા ઉપરાંત માથાના ભાગે તથા છાતીમાં પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલીક શ્રમિકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તેનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. ડભોડા પોલીસ મથકના જમાદાર રાજેન્દ્રસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પાણી ફોર્સથી ન આવતા વસાહતીઓ નારાજ

ગાંધીનગર, તા. ૨

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં હાલમાં પાણી ફોર્સથી આવતું નથી તથા નવી ટાંકીનું પાણી શરૂ કરવાથી પાણી ફોર્સમાં આવશે તેવી વાયકા હતી જે સત્યથી વેગળી રહેતા વસાહતીઓમાં નારાજગી પ્રગટી છે.

હાલની પરિસ્થિતિમાં નવી ટાંકીનું પાણી શરૂ કરવામાં આવ્યું છે. ટાંકીનું પાણી પૂરા ફોર્સથી આવશે તેવી સૌની આશા હતી, છતાં પણ હાલમાં પાણી ફોર્સથી આવતું નથી. જેથી નીચે જ પાણી આવે છે તો વસાહતીઓમાં નારાજગી છે અને છેલ્લા સેક્ટરોમાં તો પહેલા પણ ધીમા ફોર્સથી જ પાણી આવે છે. તો તેની યોગ્ય તપાસ કરાવવી તો જૂના સેક્ટરોમાં ફોર્સથી પાણી આવવું જોઈએ અને બીજા-ત્રીજા માળ સુધી પાણી ચઢવું જોઈએ જેથી મોટરોનો ખર્ચ કરવો ના પડે..!!! પાણી ફોર્સથી આપવાની વસાહતીઓની માંગણી છે.

ઉવારસદમાં આઈ.જી. સ્કવોર્ડનો દરોડો ખેતરમાંથી બિયરનો જથ્થો મળ્યો

જમીનમાં દાટીને સંતાડેલા ૧૩૩ નંગ બિયરના ટીન કબ્જે : બે બુટલેગર વોન્ટેડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામની સીમમાં સ્થિત એક ખેતરમાં બિયરનો જથ્થો સંતાડી ઉવારસદના બે બુટલેગરો બિયરનો ગેરકાયદે વેપલો કરતાં હોવાની બાતમીને આધારે ગાંધીનગર રેન્જ આઈ.જી.ની સ્કવોર્ડ આર.આર. સેલે સમી સાંજે દરોડો પાડીને ખેતરમાં દાટેલો બિયરનો જથ્થો પકડી પાડ્યો છે. ખેતરમાંથી એક પછી એક ૧૩૩ નંગ બિયરના ટીન મળી આવતા રૂ. ૧૩,૩૦૦નો બિયર કબ્જે લઈ અડાલજ પોલીસમથકે ગુનો નોંધી તપાસ આરંભી છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી.ની સ્કવોર્ડ આર.આર. સેલના પી.એસ.આઈ. બોડાણાને બાતમી મળી હતી કે ઉવારસદ ગામમાં દારૂ-બિયરનો વેપલો ચાલી રહ્યો છે અને આ દારૂ-બિયરનો જથ્થો ઉવારસદ ગામની સીમમાં એક ખેતરમાં દાટીને સંતાડવામાં આવ્યો છે. જેને આધારે આર.આર.સેલ.ના પી.એસ.આઈ. તેમની ટીમ સાથે આજે સાંજના સુમારે બાતમીવાળા સ્થળે ખેતરમાં પહોંચી ગયા હતા અને પોલી જમીન દેખાતા તે જગ્યાએખાડો કરાવી ચકાસણી કરતાં તેમાંથી એક પછી એક ૧૩૩ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. જોકે આ સ્થળે કોઈ બુટલેગર હાજર ન હતો. આર.આર.સેલે રૂ. ૧૩,૩૦૦ની કિંમતનો બિયરનો જથ્થો જપ્ત કરીને અજાલજ પોલીસમથકને સોંપી ગુનો નોંધાવ્યો છે. ઉવારસદ ગામના બે બુટલેગરો સુરેશ લખા ઠાકોર અને ધના વજા ઠાકોરનો આ બિયરનો જથ્થો હોવાનું બહાર આવતા તેબન્નેવિરૂદ્ધપ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

એસ.ટી. ડેપોના સી.એન.જી. ફીલીંગ સ્ટેશન ખાતે ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

સાબરમતી ગેસ લિ. અને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ સવારના ૯.૩૦ કલાકે સી.એન.જી. સ્ટેશન, એસ.ટી.ડેપો, ગાંધીનગર ખાતે ઓફસાઈટ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દરમ્યાન ગેસ લીકેજની વાત સાંભાળી અને આગની જવાળાઓ જોઈને મુસાફરો તથા સ્થાનિક લોકોનો જીવ તાવળે ચોંટી ગયો હતો. પાછળથી લોકોને મોકડ્રીલ અંગેનો ખ્યાલ આવતા લોકોએ નિરાંતનો શ્વાસ લીધો હતો.

આજે સવારે પીક અવર્સમાં ગાંધીનગરના એસ.ટી.ડેપોના સી.એન.જી પમ્પ પર ગેસ પુરાવવા માટે એસ.ટી. બસોની લાઈન હતી. ત્યારે એક બસમાં સી.એન.જી ભરતી વખતે અચાનક ગેસ લીક થવા લાગ્યો હતો. બસના ડ્રાઈવરે બસને બંદ્ય હાલતમાં ધક્કા મારી ખસડે ન હતી. પરંતુ બસના ડ્રાઈવરે ઈગ્નીશન કી આપી બસ ચાલુ કરી ત્યાંથી દૂર જવાની કોશિષ કરી હતી. ઈગ્નીશન કી આપી બસ ચાલું કરતા તરત સ્પાર્ક મળતાં જ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. આગ લાગતાં જ મોકડ્રીલ સ્થળે દોડધામ મચી ગઈ હતી. સાબરમતી ગેસ લિ.ના એન્જીનીયર તથા ટેકનીશીયનો ગેસ લીકેજ બંદ્ય કરવાનો -યત્ન શરૂ કર્યો હતો, પણ પાઈપ લાઈનમાં ગેસ લીકેજ વદ્યારે હોઈ આગની જવાળાઓ આજુબાજુ તથા પમ્પની છત સુદ્યી પહોંચી ગઈ હતી. આગ કાબૂ બહાર જતી લાગતાં તેના સ્ટાફ દ્વારા સ્થાનિક ડીઝાસ્ટર મામલતદાર શ્રી મેહુલ પંડયા, -ંત અદ્યિકારીશ્રીની કચેરી તેમજ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીના અદ્યિકારીઓના સહયોગથી જિલ્લા વહીવટી તંત્રના ફાયર બ્રિગેડ, પોલીસ મથક, સિવીલ હોસપિટલ અને મ્યુચ્યુઅલ એઈડથી જી.એસ.પી.સીના ટેકનિકલ સ્ટાફને જાણ કરી હતી. જાણ થતાં જ સંબદ્યિત એજન્સીઓ સમયસર મોકડ્રીલ સ્થળ પર આવી ગઈ હતી. આગ બૂઝાવી દીદ્યી હતી. તેમજ એમ્બ્યુલન્સ દ્વારા બે પમ્પ ઓપરેટરોને દાઝવાની તથા ગેસથી ગુગળામણ પામેલ સ્થિતિમાં હોસ્પિટલમાં તુરંત લઈ જવામાં આવ્યા હતા. આમ, સ્થાનિક વહીવટી તંત્રની સતર્કતાની નોંદ્ય લેવામાં આવી હતી.

આ મોકડ્રીલ દરમ્યાન સાબરમતી ગેસ લિ.ના મેનેજીંગ ડાયરેકટર શ્રી એસ.કે.કુડાઈસીયા, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી એચ.બી.ત્રિવેદીએ તમામે કરેલ કામગીરીને બિરદાવી હતી. ડીબ્રિફીંગ દરમ્યાન જરૂરી સૂચનો પણ કર્યા હતા. સમગ્ર મોકડ્રીલ ગાંધીનગર -ંત અદ્યિકારી શ્રી -કાશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિતિ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ , ભોપાલના ડાયરેકટર શ્રી રાકેશ દૂબએ ગાંધીનગરના સ્થાનિક વહીવટી તંત્રની કુશળતા અને સતર્કતાથી ખૂબ જ -ભાવિત થયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે લોકલ ક્રાઈસીસ ગ્રૂપના સભ્ય સચિવ અને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના મદદનીશ નિયામક શ્રી ડી.એમ. આચાર્ય, મદદનીશ નિયામક શ્રી એચ. એસ. પટેલ, તથા શ્રી એસ. એન. અસારી તેમજ સર્ટીફાઈંગ સર્જન ડૉ.બી.એન. પટેલ તથા સાબરમતી ગેસ લિ.ના શુવેન્દુ મોહાપાત્ર, અનુરાગ સિન્હા વગેરે ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રજાપતિ સમાજનો બાળ રમતોત્સવ ૧૦મી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા તા.૧૦ માર્ચના રોજ બાળ રમતોત્સવનું આયોજન કરેલ છે. વિવિધ પ્રકારની રમતો, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકૃત્વ, ભજન, એકપાત્રિય અભિનયની સ્પર્ધા રાખેલ છે. ગાંધીનગર પ્રજાપતિ સમાજના મહામંત્રી જશુભાઈ ઓઝાએ જણાવેલ છે. વિશેષ માહિતી માટે કન્વીનર સંદિપ પ્રજાપતિ, અલ્પેશ પ્રજાપતિનો સંપર્ક કરવા જણાવેલ છે. મો. ૯૫૫૮૮૩૩૬૬૯, ૯૮૨૫૪ ૪૬૬૪૮નો સંપર્ક કરવા જણાવેલ છે. સ્પર્ધામાં મોટી સંખ્યામાં જોડાવવા માટે પ્રમુખ પોપટલાલ એસ. પ્રજાપતિએ અપીલ કરેલ છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ત્રિદિવસીય સંસ્કાર શિક્ષણ શિબિર વ્યસનમુકિત રેલી તેમજ શિબિરનું આયોજન

શ્રીસ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કડીના પાટોત્સવ અંતર્ગત ત્રિદિવસીય સંસ્કાર શિક્ષણ શિબિર, વ્યસન મુકિત રેલી તેમજ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી પુરપોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે હાલમાં આવતી બોર્ડની પરીક્ષાઓનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે પરીક્ષાર્થીઓએ ભગવાનનું બળ રાખી પુરા વિશ્વાસ, હિંમતથી પરીક્ષા આપવી. વાલીઓએ પણ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓનો મૂડ સ્વસ્થ રહે અને વાતાવરણ હળવું રહે તે ખાસ જોવું. વિદ્યાર્થીઓનું જે પણ પરિણામ આવે તે સહર્ષ સ્વીકારવું. વિદ્યાર્થીઓએ વિદ્યા માટે પરીક્ષા આપવી પરીક્ષા માટે પરીક્ષા આપવાની નથી. વ્યસનમુકિત અંગે પણ વ્યસનના વળગાડથી મુકત રહી સંસ્કાર યુકત જીવન જીવવું. વ્યસનથી માનવીની જીંદગી બરબાદ થઈ જાય છે માટે સદાય ચેતતા રહેવા હાકલ કરી હતી. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

તબીબી બીલો અંગે તિજોરી કચેરીની મનમાની સામે વસાહત મહાસંઘની ફરિયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ પ્રમુખ કેશરીસિંહ બિહોલા તથા મહામંત્રી પોપટલાલ પ્રજાપતિએ નિવેદનમાં જણાવેલ છે કે મેડીકલ બીલની રકમ રૂા. ૧૦૦ની અંદર હોય તો સીવીલ સર્જનની કાઉન્ટર સહીની જરૂરીયાત નથી. મેડીકલ ઓફિસરની સહી માન્ય ગણાય. પરંતુ તાજેતરમાં મેડીકલ ઓફિસરની સહીવાળા બીલો માન્ય કરેલ નથી. સિવિલ સર્જનની કાઉન્ટર સહીનો આગ્રહ રાખી રહ્યાં છે. પરિણામે પેન્શનરોમાં તીવ્ર આક્રોશ ફેલાયો છે. વ્યક્તિગત બીલો રૂા. ૧૦૦૦ની ઉપર હોય તોજ કાઉન્ટર સહી કરાવવી તે પરિપત્રનો અમલ તાત્કાલિક કરવા માંગણી કરેલ છે. તિજોરી અધિકારીને મનસ્વી અર્થઘટન ન કરવા જણાવેલ છે. પેન્શન પ્રતિનિધિ મંડળ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરનાર છે.

ડુંગરી ગરાસિયા સેવા સમાજનું સ્નેહમિલન સંપન્ન

ગાંધીનગર, તા. ૨

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરનો નવમો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તાજેતરમાં ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા તથા બાળકો દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

સમાજના વાર્ષિક સ્નેહમિલન સમારંભમાં સંયુકત નિયામક હસમુખભાઈ મડીયા અધ્યક્ષ સ્થાને, મુખ્ય અતિથિ તરીકે પોલીસ અધિક્ષક આર.વી. અસારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારા, અશ્વિન કોટવાલ, તેમજ અન્ય મહાનુભાવો, સમાજના વડીલો, અગ્રણીઓ, સભાસદો ખાસ હાજર રહ્યા હતા અને તેજસ્વી વિદ્યાર્થીઓને તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ મહાનુભાવોને, બઢતી અને નવી નિમણુંક મેળવેલ હોય તેવા તથા સમાજના સેવા નિવૃત્ત અધિકારી-કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ હેતુઓ માટે દાન કરનાર દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના નાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સુંદર મનોરંજન પુરૂ પાડ્યું હતું એમ સમાજના પ્રમુખ કાન્તીભાઈ ડામોરે જણાવ્યું છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ચોથીએ બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠક તા. ૪ માર્ચના રોજ સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧માં પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થઆને મળશે. મંત્રી સોમાભાઈ પરમારે જણાવેલ છે.

સ્વ. સાંસદ મુકેશભાઈ ગઢવીને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બનાસકાંઠા જિલ્લાના યુવાન સાંસદ તથા કોંગ્રેસના લોક લાડીલા, ગરીબોના સહાયક અને બનાસકાંઠા જિલ્લાના લોકપ્રિય સાંસદ એવા સ્વ. મુકેશભાઈ ગઢવીનું દુ:ખદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી સાથે સદગતને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મુકેશ પટેલ તથા શહેર કોંગ્રેસના હોદ્દેદારો અને કોંગ્રેસ પરિવારે શ્રદ્ધાંજલિ આપી છે. કોંગ્રેસના સિનિયર યુવા નેતાના નિધનથી ગુજરાત કોંગ્રેસ પક્ષમાં ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓના પરિવારને આ આઘાત સહન કરવા માટે પ્રભુ પ્રેરક બળ આપે પરમ પરમાત્માએ દિવ્ય આત્માને સાચી શાંતિ અર્પે તેવી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૩૩.૪ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સિને મેઝસ

: સ્ક્રીન-૧ :

જક્સ ધ ગેંઈન્ટ સેલર-૩ડી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એંટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૦.૧૫

આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦

જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫

કાઈ પો છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦

ધ એંટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મર મીટેગે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સામાજિક

- યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ અને શિવકથા મંડપ દ્વારા ફ્રી ચેંક અપ કેમ્પનું આયોજન સેકટર-૨૨ રંગમંચ, નવરાત્રિ ચોંક ખાતે સવારે યોજાશે.
- નીકી મેટરનીટી હોંમ ડૉ. ડી.એ. રતાણીના દવાખાના ખાતે ૨૩મો વિના મૂલ્યે નિદાન કેંમ્પ સવારે યોજાશે.

આપની આજ

મેષ : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. મિત્રો સાથે સમય પસાર થશે.

વૃષભ : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી ,સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : પુરુષાર્થનું પરિણામ તરત પ્રાપ્ત થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : જમીન સંબંધી કાર્ય બનવાના યોગ છે. નવી યોજનાઓનો પ્રારંભ થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

સિંહ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. કર્મક્ષેત્રમાં સામાન્ય વિઘ્નનો યોગ બની રહ્યો છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. નકામો વાદવિવાદ ન કરવો.

કન્યા : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. અટકેલા પૈસા મળશે. તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે.

વૃશ્ચિક : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

ધન : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.ભૌતિક સુખ-સાધનોની પ્રાપ્તિ થઈ શકશે. લાભનો માર્ગ મોકળો થશે.

મકર : ધાર્મિક આયોજનમાં ભાગ લેશો. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. અટકેલા કામ થશે. નિશ્ચિતતાથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળશે. આરોગ્ય સંબંધી સમસ્યાનો ઉકેલ આવશે.

કુંભ : સાહસનો લાભ થશે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે. જેનો લાભ ભવિષ્યમાં મળશે. માન-સન્માનમાં વૃદ્ધિ થશે. આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

મીન : વ્યાપારીક મુશ્કેલીઓ દૂર થશે. ચિંતા મુક્ત થશો. અણધાર્યા લાભની સંભાવના છે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. આવક કરતાં વધુ ખર્ચ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ.સાકરબેન ગોવિંદભાઈ પટેલ (ઉ.વ.૯૨) પ્લોટ નં. ૧૨૯/૧, સેકટર-૬/સી, ગાંધીનગર.